ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૭ ટકા

# સેકટર-૨૪માં ઘણા સમયથી મચ્છરજન્ય રોગનો ઉપદ્રવ વધ્યો છે



ગાંધીનગર, તા.૨૩

સેકટર-૨૪ ખાતે છેલાં ઘણા સમયથી મચ્છર જન્ય રોગનો ઉપદ્રવ વધી ગયો હતો બીમારીના કેસ માં વધારો થઈ રહ્યોં હતો, ડેંગ્યુ, મેલેરિયાના કેસ સામે આવી રહયાં હતા જેને પગલે અંકિત બારોટ કોર્પોરેટરે શિવમ, સત્યમ અને સહયોગ ફલેટમાં રૂબરૂ હાજર રહી ફોગિંગની કામગીરી કરાવામાં આવી હતી અને જ્યાં પાણીનો ભરાવો થયો હતો ત્યાં દવા છંટાવવા માટે સૂચના આપવામાં આવી હતી. નાગરિકોના સ્વાસ્થને કોઈ તકલીફ ન પડે તે માટે ઘરે-ઘરે સર્વેલન્સ કરવા માટે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ને સૂચન કર્યું હતુ.




ભારત વિકાસ પરિષદ (મહિલા પાંખ) અને સ્ત્રી ચેતના ગાંધીનગર દ્વારા વિદ્યા ભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર ૨૨ ખાતે "વિચાર મંથન" કાર્યક્રમમાં ડૉ વેદાંગીબેન દ્વારા પરિવાર પ્રબોધન, ડૉ ખુશ્બુ બેન દ્વારા પર્યાવરણ અને ડૉ રાજેશ્રી બેન દ્વારા આરોગ્ય અને પોષણ વિષયો ખૂબ જ સરસ વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

# " હર ઘર, સ્વસ્થ ઘર " અંતર્ગત ચિત્ર સ્પર્ધા તથા કલા અને હસ્તકલા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

તાજેતરમાં કુડાસણ ખાતે " હર ઘર, સ્વસ્થ ઘર " અંતર્ગત મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, ટ્રીક ટુ ક્રિએટ નાં સહયોગથી " સ્વચ્છતા " વિષય ચિત્ર સ્પર્ધા તથા કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનું સંપૂર્ણ સંકલન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રાંદેસણ, કુડાસણ, સરગાસણ, વાવોલ, મહુડી અને ગાંધીનગરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ રંગોથી પોતાની કલા તથા આવડત વડે પોતાની કૃતિ તૈયાર કરી અનેક સંદેશો આપ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને ટ્રીક ટુ ક્રિએટ નાં સંચાલિકા હિરલ પંડ્યા અને યાત્રી મેવાડા ના વરદહસ્તે ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તથા દરેક સ્પર્ધકોને સરપ્રાઈઝ ગિફટમાં ડોમ્સ કલર સાથે લકી ડ્રો નંબરમાં વિજેતાઓ દેવસ્ય પટેલ, કાવ્યાબા જાડેજા, આરુષિ મેવાડા, માહિરા પંડ્યા અને જશ્વિ મેવાડાને ઈનામો આપવામાં આવ્યા હતા અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરે વિજેતાઓને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી તથા સ્પર્ધાને સરળ રીતે સફળ બનાવવા માટે દરેક વાલીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.





# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા "ફૂડ ફોર હંગર" અંતર્ગત બાળકોને ખીચડી તથા બિસ્કીટ વિતરણ





ગાંધીનગર, તા.૨૩

સમાજમાં સેવા ક્ષેત્રે બે ડગલા આગળ રહેતી લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના સતત કાર્યશીલ રહી ગરીબ માણસના દુ:ખ દર્દ ઓછા કરવાની નિ:સ્વાર્થ સેવા કરતી આવી છે. ફેમીનાના કાર્યકરો પોતાનો કિંમતી સમય અને પૈસા ખર્ચીને સમાજના ગરીબનો પેટનો ખાડો પુરી, "ભૂખ્યાને ભોજન" ના નાતે સેવા કરી સમાજને કંઈક અર્પણ કર્યાનો નિર્દોષ આનંદ અને સંતોષ મેળવે છે.

હાલમાં ગુજરાત સહિત ગાંધીનગરમાં ભારે વરસાદને કારણે ગરીબો મુશ્કેલીમાં મુકાયા છે, ત્યારે સતત વરસાદને કારણે ગરીબ ઘરોમાં કે ઝુંપડામાં ચૂલા પ્રગટાવવા અઘરા થઈ પડે છે, ત્યારે ગરીબોના દુ:ખે દુ:ખી, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના સેવાભાવી પ્રમુખની રાહબરીમાં ફેમિનાની બહેનોએ "ફૂડ ફોર હંગર" અંતર્ગત સેક્ટર ૨૪ ના ઝુંપડપટ્ટી વિસ્તારમાં આશરે ૧૫૮ થી વધુ લોકોને ન્યુટ્રીશન થી ભરપૂર ગરમાગરમ ખીચડી સાથે બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ નિ:સ્વાર્થ સેવાના સહયોગી, ફર્સ્ટ વીપી દક્ષાબેન જાદવ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રેસિડેન્ટ ચંદાબેન યાદવ, સેક્રેટરી ભૂમિબેન જોગાણી, ટ્રેમર મીનાક્ષીબેન જય સિંઘાની, ક્રિનાબેન સૂતરીયા તથા ક્લબની બહેનોનો ભરપૂર સાથ સહકાર સાંપડ્યો હતો.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી આનંદના ગરબાનો લાભ લીધો હતો.



શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર ૨૧ ગાંધીનગર ખાતે અધિક માસ શ્રાવણ સુદ ૫ તા. ૨૩/૦૭/૨૦૨૩ રવિવારે ઈલાયચી ના હિંડોળા દર્શન યોજાયા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ જીતેન્દ્રકુમાર કેશવલાલ ઉ.વ.૪૯, ગાંધીનગર
- સ્વ.રાઠોડ રંભાબોન મનસુખભાઈ ઉ.વ.૮૬, ગાંધીનગર
- સ્વ.પરમાર રામજીભાઈ ભગુભાઈ ઉ.વ.૬૦, ગાંધીનગર
- સ્વ.ઠાકોર સેંધાજી છગુજી ઉ.વ.૫૪, દેલવાડ, માણસા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

## જન્મદિને વધામણી



રાજેન્દ્ર આર પારેખ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬



મીરા અલ્પેશકુમાર પ્રજાપતિ



પ્રેમલ શૈલેષકુમાર ઠાકોર
મો. ૮૩૪૭૮ ૭૦૮૫૪



ઉમંગ રમેશભાઈ પરમાર
મો. ૯૫૭૪૮ ૨૪૩૦૮



શ્રીમાળી અલ્પેશકુમાર બી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮




અર્ચન આશિષ ઠાકર



મીત
મો. ૯૮૨૪૮ ૫૬૬૯૦



ધૈર્ય રીતેષ સુખડિયા



હર્ષ પુરોહિત
મો. ૬૩૫૪૫ ૬૭૪૨૯

# સેકટર-૫/એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે મોરપીંછના હિંડોળા



ગાંધીનગર, તા.૨૩

સેકટર-૫-એ પંચમુખી મહાદેવ મંદિર ખાતે રાધાકૃષ્ણ મંડળની બહેનો તથા નિરૂબેન નાયક, તારાબેન દ્વારા મોરપીંછના હિંડોળા બનાવવામાં આવેલ છે. જેનો સેકટર- ૫/એની ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં દર્શનનો લાભ લે છે. આગામી દિવસોમાં પણ અલગ અલગ હિંડોળા બનાવવામાં આવનાર છે.

# શિક્ષણ એટલે પોતાના જીવન સાથે સમાજની ઉન્નતિનો પણ પાયો..!!

## વિદેશના અભ્યાસક્રમમાં પણ સામેલ ગાંધીનગરના એક શિક્ષિત નિવૃત્ત સરકારી અધિકારીનું સાહિત્ય સર્જન : પોતે અનેક સન્માનો મેળવવા સાથે જીવનભર અનેકને સાહિત્ય સર્જન માટે પ્રોત્સાહિત કરવા ઉપરાંત સમાજના પીડિત વર્ગને મદદરૂપ થતાં રહ્યાં

ગાંધીનગર, તા. ૨૩

શિક્ષણ એ માત્ર કોઈ વિષયનો અભ્યાસ કે ડિગ્રી નથી પરંતુ જાગૃતિનું સિંચન છે, સતકર્મ તરફ લઈ જતો પ્રકાશપુંજ છે, જીવનની ઉન્નતિ સાથે સમાજની ઉન્નતિનો પણ પાયો છે. એક શિક્ષિત વ્યક્તિ અનેકના જીવનમાં ઉજાસ રેલાવી શકે છે. ગાંધીનગરમાં એક એવા શિક્ષિત દલિત સાહિત્યકાર વસે છે જેઓએ ઉચ્ચ શિક્ષણ મેળવીને ના માત્ર પોતાના પરિવારને સામાજિક વિષમતાઓમાંથી બહાર કાઢ્યું પરંતુ દલિત વર્ગમાં અનેકને સાહિત્ય સર્જન માટે પ્રોત્સાહિત કરવા સાથે સમાજના પીડિત વર્ગને માર્ગદર્શન પૂરું પાડવા સહિત વિવિધ રીતે મદદરૂપ થયા છે. બી.એસ. જાદવ નામના આ નિવૃત્ત સરકારી અધિકારીનું સાહિત્ય સર્જન વિદેશના અભ્યાસક્રમોમાં પણ સામેલ થયું છે જે ગુજરાતી સાહિત્ય માટે ગૌરવની બાબત છે.




ગાંધીનગર જિલ્લાના કલોલના મિલ કામદાર માતા કેશરબેન અને પિતા શિવાભાઈના સંતાન એવા "ભીખાભાઈ" ઉર્ફે બી. એસ. જાદવ એમએ અને એલએલબીનો અભ્યાસ કરીને વકીલાત કરવાને બદલે જાહેર સેવા આયોગની પરીક્ષા પાસ કરીને મામલતદાર તરીકે સરકારી નોકરીમાં જોડાયાં જેમાં બઢતી મેળવીને ડેપ્યુટી કલેક્ટર બન્યા હતા. જોકે બી.એસ.જાદવે તેમનો કારકિર્દીના ૯ વર્ષ રાજભવન ખાતે ગાળ્યો જેમાં તેમણે રાજ્યપાલના ગૃહ નિયામક તરીકે ફરજ બજાવી જેમાં શારદા મુખરજીથી માંડીને આર. કે. ત્રિવેદી સુધીના રાજ્યપાલોનો સમાવેશ થાય છે. આ ગાળા દરમ્યાન તેમણે રાજભવનના કર્મચારીઓની પત્નીઓ માટે સીવણના વર્ગો શરુ કરાવ્યા અને સહકર્મીઓના સંતાનો વાંચન કરતાં થાય એ માટે રાજભવનમાં પુસ્તકાલયનું નિર્માણ કરાવ્યું. વૃક્ષારોપણમાં રસ ધરાવતા બી. એસ. જાદવ જ્યાં નોકરી કરે ત્યાં વૃક્ષો વાવતા. તેમણે રાજભવનની ખુલ્લી જમીન પર આંબા આવીને આંબાવાડિયું તૈયાર કર્યું. તેઓ નોકરી દરમ્યાન જયારે પણ રાજ્યમાં અછતની પરિસ્થિતિ સર્જાય ત્યારે રાહત કાર્યોમાં હીજરતી દલિતોની દરેક પ્રકારની મદદ માટે હંમેશા તૈયાર રહેતા.



બી. એસ. જાદવ જેઓ ડો.બાબાસાહેબ આંબેડકરથી ખૂબ પ્રભાવિત હોવાને કારણે તેમણે પોતાના ઉપનામમાં પહેલો શબ્દ "બી." ત્યારબાદ માતા પિતાના નામ પરથી કેશર શિવમ ઉમેરી પોતાનું સાહિત્ય સર્જન "બી.કેશર શિવમ"ના ઉપનામથી કરતાં હતા જેમાં તેમનું વાર્તા સંગ્રહો, નિબંધ સંગ્રહ, નવલકથા-નવલિકાઓ સહિતના મૌલિક સર્જન ઉપરાંત વિવેચન, સંશોધન, સંપાદન અને અનુવાદ સહિતમાં યોગદાન રહ્યું છે તેમજ તે માટે તેમને અનેક ઈનામ, ચંદ્રક, એવોર્ડ અને સન્માન પ્રાપ્ત થયા છે. દલિત ચેતના અને નારી ચેતનાને આવરી લેતા અસંખ્ય પુસ્તકો લખવા સાથે તેમણે ૨૦૦૨માં પોતાની આત્મકથા "પૂર્ણ સત્ય" બે ભાગમાં લખી હતી જેને ૨૦૦૩-૦૪માં શ્રેષ્ઠ કૃતિ તરીકે દાસી જીવણ એવોર્ડ પ્રાપ્ત થયો હતો. "પૂર્ણ સત્ય"નો મરાઠીમાં સુધાબેન બોડાએ અને ૨૦૦૮માં ગીતા ચૌધરીએ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે જે કેનેડાના ટોરેન્ટોની યોર્ક યુનિવર્સિટીમાં તે ત્રણ વર્ષ સુધી અભ્યાસક્રમમાં હતો. દસેક વિદ્યાર્થીઓએ "પૂર્ણ સત્ય" આધારિત પીએચડી અને એમ.ફિલનો પણ અભ્યાસ કર્યો છે. "પૂર્ણ સત્ય" વિષે ચેન્નઈ અને ઈંગ્લેન્ડ સહિતના સામાયીકોમાં લેખ પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ ઉપરાંત ૨૦૧૦માં જર્મનીમાં શિક્ષકોને ભણાવા માટેના ટીચર્સ મેન્યુઅલમાં "પૂર્ણ સત્ય"ના બે ચેપ્ટરનો સમાવેશ કરાયો હતો. એક વિદ્યાર્થીની "પસંદ કરેલ આત્મકથાઓમાં સત્યની અભિવ્યક્તિ" વિષયે પીએચડી કરી રહી છે જેમાં નર્મદ, ગાંધીજી, કાકા કાલેલકર, ક.મા. મુનશી, કનુબેન દવે અને બી. કેશર શિવમનીઆત્મકથાઓનો સમાવેશ થાય છે.

બી. કેશર શિવમે સાહિત્ય સર્જન કરવા ઉપરાંત વર્ષ ૧૯૯૪માં ગુજરાતી દલિત સાહિત્ય સભાની સ્થાપના કરી દલિત સાહિત્ય સર્જનને પ્રોત્સાહન આપવા દલિત ચેતના, નારી ચેતના, વિકલાંગ ચેતના, આદિવાસી ચેતના અને બાળચેતના જેવા વિષયો રાખીનિબંધ સ્પર્ધા, વાર્તા સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરી યુવા સર્જકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરતા રહ્યા છે તેમજ ગ્રંથાલયોમાં, સમાજના તેજસ્વી તારલાઓને, સમૂહલગ્નમાં નવદંપત્તિઓને પોતાના પુસ્તકો ઉપરાંત ડો.આંબેડકરના પુસ્તકોની અવારનવાર ભેટ આપતા રહ્યા છે. પોતાને મળતી પુરસ્કાર કે રોયલ્ટીની રકમ પણ દલિત સાહિત્ય સર્જનને પ્રોત્સાહન આપવા તેમજ હિજરતી પીડિત વસ્તીમાં પુસ્તકાલય શરૂ કરવા વાપરતા રહ્યા છે. રાજ્યની તમામ સામાજિક ન્યાય સમિતિઓ, દલિત છાત્રાલયો, દલિત પુસ્તકાલયો, આશ્રમ શાળાઓમાં રાજ્યના સમાજ કલ્યાણ વિભાગ અને ગ્રંથાલય નિયામક થકી પોતાના પુસ્તકો પહોંચાડતા રહ્યા છે

તેઓ પોતાના પુસ્તકનું વિમોચન દલિત શહીદની વિધવાના હસ્તે કરાવતા તેમજ બળાત્કારનો શિકાર બનેલ દલિત યુવતી કે અન્ય ગુનામાં પીડિત દલિત પરિવારોને રૂબરૂ મળી આશ્વાસન આપવા ઉપરાંત આર્થિક મદદ પણ કરતા રહ્યા છે. ઉના, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર કે રાજ્યના કોઈપણ ગામ, શહેર, જિલ્લામાં અત્યાચારનો ભોગ બનીને હિજરતી બનેલા દલિત પરિવારો કે ધરણા પર બેઠેલા દલિત પરિવારોને સ્થળ પર જઈને કાનૂની માર્ગદર્શન આપવા ઉપરાંત આર્થિક સહાય પણ પૂરી પાડતા રહ્યા છે સરકાર સુધી પહોંચાડવામાં મદદરૂપ બની તેમને ન્યાય અપાવવામાં પણ મદદરૂપ બનતા રહ્યા છે.

નિવૃત્તિ પછી બી. એસ. જાદવે સનદ મેળવી દલિતોનો તદન વિના મૂલ્યે કેસ લડવા તેમજ કાનૂની માર્ગદર્શન આપી ન્યાય અપાવવામાં કાર્યરત રહ્યા છે. તેમના સંસ્કાર તેમના સંતાનોમાં પણ જોવા મળ્યાં છે, જેમકે તેઓ જ્યારે નડિયાદમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેમને પીજ ગામની હાઈસ્કૂલમાં શિક્ષકની નોકરીનો હુકમ મળ્યો હતો તે હુકમ તેમણે તેમનાથી વધારે જરૂરિયાતવાળા અન્ય દલિત ઉમેદવારને આપી દીધો હતો અને વર્ષો પછી તે જ રીતે તેમની દીકરી તૃપ્તિએ ગાંધીનગરની સિદ્ધાર્થ લો કોલેજમાં તેને મળેલો લાઈબ્રેરી કલાર્કનો હુકમ તેણે જતો કરીને પોતાના પછીના ક્રમના બેરોજગાર યુવાનને આપી દીધો હતો. હાલ ૮૩ વર્ષની વયોવૃદ્ધ અને શારીરિક અશક્તિની સ્થિતિમાં પણ તેઓ ઘરે રહીને પણ પોતાના કાર્યો ચલાવી રહ્યાં છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com